જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૧૨ લીટર દેશી દારૂ, ૧૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૧૩ બીયરટીન અને ૦૧ બોલેરો પીકઅપ ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૭૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૯/૨૦૨૬**

સાબરમતીઃ કાંતીલાલ લખમસિં નાગરા (ઉ.વ.૭૧)(રહે.વંદેમાતરમ હોમ્સ, આઇ.ઓ.સી પેટ્રોલ પંપ, ચેનપુર રોડ, ન્યુ રાણીપ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે બેંક ઓફ બરોડા, ન્યુ રાણીપ બ્રાંચ, ત્રણ રસ્તા નજીક કાંતીલાલ પોતાની પત્ની સાથે કષ્ટભંજન હનુમાન મંદિરે દર્શન કરી પરત ઘરે જવા સારૂ બસની રાહ જોઈ ઉભા હતા ત્યારે એક ક્રિમ રંગની ફોર વ્હીલ ગાડીમા આવેલ બે અજાણ્યા પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરાના) જેમાંથી ડ્રાઈવરની બાજુની સીટ ઉપર બેસેલ નાગા બાવા જેવો લાગતો પુરૂષ એ "ઉજ્જૈનથી આવેલ છે અને લોકો તેના દર્શન કરવા માટે પડાપડી કરે છે" તેમ કહી કાંતીલાલને વિશ્વાસમાં લઈ, તેમની પાસેનો મોબાઈલ ફોન માંગી કાંતીલાલને પરત મોબાઈલ ફોન આપી દીધેલ. ત્યારબાદ પહેરેલ ઝભ્ભો માંગતા કાંતીલાલ પોતાનો ઝભ્ભો ઉતારવા જતા નાગા બાવાએ તેમ કરવાની ના પાડી અને કાંતીલાલ પાસેથી તેમના હાથની આંગળીમાં પહેરેલ સોનાની વીંટી કિમત રૂપિયા ૫૫,૦૦૦/– માંગી લીધા બાદ પરત કાંતીલાલની પત્નીને વીંટી આપી દેતા, કાંતીલાલને વિશ્વાસ આવતા નાગાબાવાએ કાંતીલાલના હાથમાં પહેરેલ સોનાનુ કડુ કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/– માંગી લઈ તે પણ કાંતીલાલની પત્નીના હાથમાં પરત આપી દિધેલ. ત્યારબાદ કાંતીલાલની પત્નીના હાથમાંથી સોનાની વિંટી અને સોનાનુ કડુ લઈ કાંતીલાલના હાથમાં પરત આપવાનો વિશ્વાસ આપી પરત નહી કરી સોનાની વિંટી અને સોનાનુ કડુ કુલ કિમત રૂપિયા ૧,૬૫,૦૦૦/– મતાનુ લઈ નાસી જઈ કાંતીલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૪૦/૨૦૨૬**

નરોડાઃ જપનભાઈ સ/ઓ પ્રિતેશભાઈ મિસ્ત્રી (ઉ.વ.૧૯)(રહે.શરણમ રેસીડેન્સી નવયુગ સ્કુલ સામે નરોડા)એ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે નરોડા આશીર્વાદ સોસાયટી સામે રોડ ઉપર જપનભાઈ ચાલતા પસાર થતા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) એ જપનભાઈના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૪૧/૨૦૨૬**

સાબરમતીઃ કોકીલાબહેન વા/ઓ હસમુખભાઈ શાહ (ઉ.વ.૭૧)(રહે.આકાશ–૩, સહજાનંદ કોમ્પલેક્ષ, જયમંગલ બી.આર.ટી.એસ. બસ સ્ટેશન પાસે, નારણપુરા) એ તા.૦૮/૦૧/૨૦૨૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે કોકીલાબહેન સાબરમતી બી.આર.ટી.એસ બસ સ્ટેશન સામે રોડ ઉપર ઉભા હતા ત્યારે એક ઓટોરિક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ અજાણ્યા પુરૂષએ ભેગામળી કોકીલાબહેનને રોડની સામેની બાજુ ઉતારવાનુ કહેતા, કોકીલાબહેન રીક્ષામા બેસી જતા તેમની નજર ચુકવી તેમના ગળામાં પહેરેલ સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૫,૦૦૦/– ચોરી કરી લઇ, રાજુલપાર્ક સોસાયટી આગળ કોકીલાબહેનને રીક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એચ.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૨/૨૦૨૬**

નિકોલઃ રાહુલકુમાર સ/ઓ આનંદભાઇ વઘાસીયા (ઉ.વ.૨૭) (રહે,નંદવાટીકા ફ્લેટ, મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટની બાજુમા કુષ્ણાનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા નિકોલ નેશનલ હેંડલુમ સામે આવેલ હોટલ માલવાના રૂમ નંબર–૧૦ માં પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સોલા વૈષ્ણોદેવી સર્કલ, કે.ડી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૧/૨૦૨૬ બપોરના ૧૨/૫૦ વાગે રાહુલકુમારનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી પો.સ.ઈ. શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી